(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા આર્ટસ કોર્મસ કોલેજ દ્વારા વરસાદના વધામણા કાર્યક્રમ યોજાયો

મોડાસા ખાતે.મ.લા.યા.ગાંધી કેળવણી મંડળ દ્વારા ચાલતય આર્ટસ કોર્મસ કોલેજ ના વિદ્યાર્થીઓ દ્રાર વરસાદ ના વધામણા કાર્યકમ નુ આયોજન કરવામાં આવયુ હતુ. આ કોલેજ ના વીદ્યાર્થીઓ દ્રા રા વરસાદ આવ્યો તેના વધામણા રૂપી સુંદર સાંસ્કૃતીક કાર્યકમો યોજવામાં આવયા હતા. જેમાં વકૃત્વ સ્પર્ધા રામ ધુન ગીત મીમીક્રી જેવા કાર્યકમો નુ આયોજન કરવામાં આવ્યુ હતુ આ કાર્યક્રમ આર્ટસ કોલેજ દ્રારા કરવામાં આવ્યુ હતુ સમારંભ ના અધ્યક્ષ અને આર્ડસ કોલેજ ના પ્રભારી મંત્રી સુભાશભાઈ એ રામધુન બોલાવી વરસાદ ને જગાવવાનો આગવોપ્રયાસ કર્યો હતો જયારે રોહીત ભાઈએ વિદ્યાર્થીઓ ને આર્શીવચન આપ્યા હતા જયારે ચેરમેન જયશ્રી બેને સુદર વકતવ્ય આપ્યુ હતુ.

ભાજપના ભવ્ય વિજય બાદ મુખ્યમંત્રીએ આભાર માન્યો

સુશાસન-વિકાસની રાજનીતિમાં જનતા જર્નાદને જોરદાર વિશ્વાસ-ભરોસો મુક્યો : આનંદીબેન પટેલનો અભિપ્રાય

ગાંધીનગર, તા.૨૨

મુખ્યમંત્રી આનંદીબેન પટેલ જૂનાગઢ મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા ૧૦ નગરપાલિકાઓની પેટાચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના જવલંત વિજય માટે ગુજરાતની જનતા જર્નાદને સુશાસન અને વિકાસમાં મુકેલા વિશ્વાસનો વિજય ગણાવતા સૌનો આભાર વ્યક્ત કર્યો છે.

મુખ્યમંત્રીએ જૂનાગઢ મહાપાલિકાની ૬૦ બેઠકોમાંથી ૪૧ બેઠકો પર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોને મળેલા વિજય તથા ૧૦ નગરપાલિકાની પેટાચૂંટણીમાં ૯ બેઠકો પર ભાજપના વિજયને વધાવતા જણાવ્યું છે કે ગુજરાતે સૌના સાથ સૌના વિકાસના ધ્યેયમંત્ર સાથે રાજ્યની અવિરત વૈશ્વિક વિકાસયાત્રા આગળ ધપાવવાની જે તેજ રફતાર પકડી છે તેન જનતા જર્નાદનનું પ્રચંડ સમર્થન છે તે આ વિજય પતાકાએ પુરવાર કર્યું છે.

આનંદીબેન પટેલે જણાવ્યું છે કે, ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વોટબેન્કની રાજનીતિથી ઉપર ઉઠીને વિકાસની રાજનીતિનો જે નવો માર્ગ કંડાર્યો છે તેને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીમાં પણ સમગ્ર પ્રજાવર્ગોએ મંજુરીની મહોર મારી છે અને સુશાસન-વિકાસની ભાજપની કાર્યસંસ્કૃતિમાં ભરોસો વિશ્વાસ મુક્યો છે. મુખ્યમંત્રીએ આ વિજય માટે ભાજપના સમર્પિત લક્ષ્યાવધિ કાર્યકર્તાઓના પરિશ્રમને પણ અભિનંદન પાઠવ્યા છે.

ચિલોડા પ્રાથમિક શાળામાં બાળકોને કરાટેની તાલીમ અપાઈ રહી છે

સુરક્ષા સેતુ પ્રોજેકટ અંતર્ગત ચિલોડા પોલીસ દ્વારા ખાસ કરીને વિદ્યાર્થીઓને સ્વ બચાવની ટેકનિક શીખવાડવામાં આવે છે : આ તાલીમ ૧૧ દિવસ ચાલશે

ચિલોડા, તા.૨૨

ચિલોડા પ્રાથમિક શાળામાં મહિલા સુરક્ષા કાર્યક્રમ અંતર્ગત પોલીસ દ્વારા બાળકોને કરાટેની તાલીમ આપવામાં આવી હતી. આ કાર્યક્રમ ચિલોડા પોલીસ દ્વારા હાથ ધરવામાં આવ્યો હતો જેમાં ૭૦ બાળકોએ કરાટેની તાલીમ મેળવી હતી.

સુરક્ષા સેતુ પ્રોજેકટ હેઠળ મહિલા સુરક્ષાને ધ્યાનમાં રાખીને ચિલોડા પોલીસ દ્વારા મોટા ચિલોડાની પે સેન્ટર પ્રાથમિક શાળામાં આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં બાળકોને કરાટેની તાલીમ કોચ જિજ્ઞેશ ત્રિવેદીએ આપી હતી આ તાલીમ દ્વારા બાળકો સેલ્ફ ડીફેન્સના પાઠ ભણ્યા હતા. આ પ્રોજેકટ હેઠળ શાળા કોલેજમાં ભણતી વિદ્યાર્થીનીને અસામાજિક તત્વો હેરાન પરેશાન કરતા હોય ત્યારે તેમનો સામનો કરવા અને કયારેક આકસ્મિક સંકટના સંજોગો ઉભા થાય ત્યારે સ્વ બચાવની કામગીરી કેવી રીતે કરવી તે અંગેની યુકિત-પ્રયુકિતઓ શિખવાડવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ચિલોડા પોલીસ સ્ટેશના હેડ કોન્સ્ટેબલ રતનભાઈ ઉપસ્થિત રહ્યા હતા. આ તાલીમ અભિયાન ચિલોડાની પ્રાથમિક શાળામાં કોચ જિજ્ઞેશભાઈ ત્રિવેદીની દોરવણી હેઠળ કુલ ૧૧ દિવસ ચાલનાર છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

રાજ્યની સાયન્સ કોલેજોમાં પ્રથમ સત્ર ૭૦-૮૦ દિવસનું

અમદાવાદ, તા.૨૨

રાજ્યમાં ચાલુ વર્ષે સાયન્સ કોલેજોમાં ઓનલાઈન કેન્દ્રીય પ્રવેશ પદ્ધતિથી પ્રવેશ ફાળવવામાં આવ્યો છે. આ પદ્ધતિ મુજબની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થવાના આરે છે અને આગામી ૨૭ જુલાઈ સુધી સંપૂર્ણ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવાનો સમય નિર્ધારીત કરવામાં આવ્યો છે. ત્યારબાદ ૩૧મી જુલાઈથી સાયન્સ કોલેજોમાં શૈક્ષણિક સત્રનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. પરંતુ ચાલુ વર્ષે પ્રવેશ પ્રક્રિયામાં થયેલ વિલંબના કારણે પ્રથમ સત્રમાં શૈક્ષણિક કાર્યમાં બહુ ઓછો સમય પ્રાપ્ત થતો હોવાથી વિદ્યાર્થીઓનો અભ્યાસક્રમ સમયમર્યાદામાં પૂર્ણ નહીં થઈ શકે તેવી દહેશત વ્યક્ત કરવામાં આવી રહી છે.

રાજ્ય સરકાર દ્વારા નિર્ધારીત શૈક્ષણિક કાર્યક્રમ મુજબ ચાલુ શૈક્ષણિક સત્ર ૧૫ ઓક્ટોબરના રોજ પૂર્ણ થઈ રહ્યું છે. બીજી બાજુ રાજ્યની સાયન્સ કોલેજોમાં ચાલુ વર્ષે પ્રથમ વખત ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા અમલ બનાવાઈ હોવાથી હજુ સુધી પ્રવેશ પ્રક્રિયા ચાલી રહી છે. આ પ્રવેશ પ્રક્રિયા સંભવત ૨૭ જુલાઈ સુધી પૂર્ણ કરવામાં આવનાર છે ત્યારબાદ ૩૧ જુલાઈથી રાજ્યની સાયન્સ કોલેજોમાં શૈક્ષણિક સત્ર શરૂ થશે. ત્યારબાદ ઓગસ્ટ મહીનામાં સ્વાતંત્ર દિવસ, રક્ષાબંધન અને જન્માષ્ટમીની રજાઓ આવતી હોવાથી મોટાભાગના શૈક્ષણિક કાર્યના દિવસો બગડશે. ત્યારબાદ સપ્ટેમ્બર મહીનાના અંતમાં નવરાત્રી શરૂ થતી હોવાથી પણ શૈક્ષણિક કાર્યમાં વિલંબ સર્જાય છે. આવી સ્થિતિમાં ટુંકાગાળામાં સાયન્સ કોલેજોમાં પ્રથમ સેમેસ્ટરનો અભ્યાસ કઈ રીતે પૂર્ણ કરાશે તે એક સવાલ છે.

બીજી બાજુ રાજ્યની મોટાભાગની સાયન્સ કોલેજોમાં મોટા પ્રમાણમાં શૈક્ષણિક અને વહીવટી સ્ટાફની ઘટ છે. લાંબા સમયથી શિક્ષકોની ભરતી થઈ ન હોવાથી વિદ્યાર્થીઓનું શૈક્ષણિક કાર્ય બગડી રહ્યું છે. ત્યારે વિદ્યાર્થીઓનો અભ્યાસક્રમ પુરો કરવો એ કોલેજો માટે પણ એક મોટો પડકાર રહેવાનો. ઉલ્લેખનીય છે કે યુજીસીના નિયમ મુજબ કોઈપણ કોલેજમાં ઓછામાં ઓછું ૧૧૦ દિવસનું શૈક્ષણિક સત્ર ચાલવું જોઈએ તેની સામે રાજ્યની સાયન્સ કોલેજોમાં માત્ર ૭૦ થી ૮૦ દિવસનું શૈક્ષણિક સત્ર રહે તેવી સ્થિતિ સર્જાય છે. તે એક પ્રકારે યુજીસીના નિયમનો પણ ભંગ છે ત્યારે આગામી સમયમાં વહીવટી તંત્રની અણઆવડતનો ભોગ વિદ્યાર્થીઓએ બનવું પડે તો નવાઈ નહીં.

માહિતી કમિશનરશ્રીની કચેરીના કર્મયોગી શ્રી કિરીટસિંહ વાઘેલા ખાતાકીય પરીક્ષામાં સમગ્ર રાજયમાં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થયા

ગાંધીનગર, તા.૨૨

ગુજરાત રાજય સરકારમાં દરેક વિભાગમાં ફરજ બજાવતા કર્મયોગીઓને બઢતી માટે ખાતાકીય પરીક્ષા આપવી ફરજિયાત હોય છે. થોડાક સમય અગાઉ લેવાયેલ ખાતાકીય પરીક્ષાનું પરિણામ તાજેતરમાં જાહેર કરવામાં આવ્યું છે. આ જાહેર થેયલ પરિણામમાં સમગ્ર રાજયમાં માહિતી કમિશરશ્રીની કચેરી, ગાંધીનગરમાં આર.આર. શાખામાં ફરજ બજાવતા વર્ગ-૩ના કર્મચારી શ્રી કિરીટસિંહ રતુજી વાઘેલા પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થયા છે. કિરીટસિંહ વાઘેલા ગાંધીનગર તાલુકાના સરગાસણ ગામના વતની છે. હાલમાં ગાંધીનગર ખાતે સેકટર-૧૬માં રહે છે.

સમગ્ર રાજયમાં માહિતી કમિશરશ્રીની કચેરીનું નામ રોશન

કરનાર કિરીટસિંહ વાઘેલાને માહિતી કમિશનરશ્રીની કચેરી દ્વારા રૂપિયા ૫ હજારનું રોકડ પુરસ્કાર આપીને સન્માન કરવામાં આવ્યું છે. કચેરીને આ ગૌરવ અપાવનાર કિરીટસિંહ વાઘેલાને માહિતી કમિશનર શ્રી ભાગ્યેશ જહા, સંયુકત માહિતી નિયામકશ્રી અરવિંદભાઈ પટેલ અને નાયબ માહિતી નિયામક (વહીવટ) શ્રી જે.એફ. પાંડોર અને નાયબ માહિતી નિયામક (આર.આર) શ્રી ઉત્તમ મેવાડા સહિત અન્ય અધિકારીશ્રીઓ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે. પરીક્ષા અંગેનું માર્ગદર્શન સંયુકત માહિતી નિયામકશ્રી વિભૂતીબેન છાયા (સ્પીપા-તાલીમ) દ્વારા તેમને આપવામાં આવ્યું હતું.

કિરીટસિંહ વાઘેલાનું માહિતી ખાતું ગુજરાત રાજયના વર્ગ-૩ કર્મચારી મંડળના પ્રમુખશ્રી દિનેશભાઈ ચૌહાણના હસ્તે તાજેતરમાં મળેલ સામાન્ય સભામાં શાલ ઓઢાડી સન્માન પણ કરવામાં આવ્યું હતું.

જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી મેઘરજ મુકામે યોજાશે

અરવલ્લી જિલ્લાની પ્રથમ વર્ષગાંઠ

મોડાસા, તા. ૨૨

આજ રોજ અરવલ્લી જિલ્લા ના વડુ મથક મોડાસા ખાતે જીલ્લા કલેટર બી.જે.ભટ્ટ ની અધ્યક્ષતામાં કલેકટર કચેરી ખાતે આ વખતે આવતા મહીને આવતા સ્વાતંત્ર્ય પર્વ ની ઉજવણી નુ સ્થળ નક્કી કરવા અને આગોતરૂ આયોજન કરવા માટે કલેકટરશ્રી દ્વારા એ મીટીંગ નુ આયોજન કરવામાં આવ્યુ હતું.

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

આ મીટીગ માં જીલ્લા કક્ષા ના અને તાલુકા કક્ષાના અધિકારીઓ ઉપસ્થીત રહયા હતા અને ૧૫ મી ઓગસ્ટ ની ઉજવણી મેઘરજ ખાતે કરવાની જાહેરાત કરવામાં આવી હતી અરવલ્લી જીલ્લો ગઈ ૧૫ મી ઓગસ્ટે જાહેર કરવામાં આવ્યો હતો જાહેર થયા બાદ આજે તેની પરથમ વર્ષગાંઠ આ ૧૫ મી ઓસ્ટ ના દીવસે આવે છે. ત્યારે આ વર્ષગાઠ અરવલ્લી જીલ્લા ના મેઘરજ મુકામે સકરકારની નીતી મુજબ યોજવાની ઘોષણા કરવામાં આવી હતી.

જયારે બીજો નિર્ણય એ પણ લેવામાં આવ્યો હતો કે તાલુકાનો ધ્વજવંદન કાર્યક્રમ તાલુકાના મુખ્ય મથક સિવાય કોઈ પણ એક ગામડા માં યોજવામાં આવશે અને શહેર ના ધ્વજવંદન કાર્યક્રમ કોઈપણ એક વોર્ડ માં મ્યુનસીપાલીટી દ્વારા કરવામાં આવશે તેવુ સરકારશ્રી નુ નિવેદન કલેકટર ની મીટીંગ માં જાહેર કરવામાં આવ્ય હતું.

શબ્દાવલી - ૫૪૫૫

૧	૨		૩	■	૪	■	૫
૬		■	૭	૮		૯	
	■	૧૦					■
■	૧૧			■	■		■
■	૧૨		■	■	૧૩	■	૧૪
૧૫				■	૧૬	૧૭	
૧૮			■	૧૯			
	■	■	૨૦			■	

આડી ચાવી

૧. મિલન, સમુહમાં ભેગુ મળવું તે (૪)
૬. ત્રાજવું (૨)
૭. ફરજમાં ચૂક થવી તે (૫)
૧૦. દેવાદાર (૩)
૧૧. ધિક્કાર (૩)
૧૨. કાંટા તારની આડશ (૨)
૧૫. છુટાછેડા (૪)
૧૬. ધ્વજ (૩)
૧૮. 'તરસ' શબ્દ આડોઅવળો (૩)
૧૯. થાપણ, સાચવવા આપેલ વસ્તુ (૪)
૨૦. સાજન..., (૩)

ઊભી ચાવી

૧. સંતોષ (૩)
૨. મેળાને હિન્દીમાં... કહેવાય (૨)
૩. ધૃણા, તિરસ્કાર (૪)
૪. પ્રાર્થના, ઇબાદત (૩)
૫. રાખ, ધૂળ (૨)
૮. રજોટી (૨)
૯. ફાકી, ચૂર્ણ (૩)
૧૦. હેરાનગતિ (૫)
૧૧. જવાળામુખીમાંથી નીકળતો ગરમ રસ (૪)
૧૩. માનનું વિરોધી (૪)
૧૪. એક એક દિવસના અંતરે(૪)
૧૫. ગતકડું, હસવા જેવું કાર્ય(૩)
૧૭. શૂરાતન, જોશ (૨)
૧૯. બકરો, કામદેવ (૨)

શબ્દાવલી ૫૪૫૪ના જવાબ

આડી ચાવી :- (૧) લાવલશ્કર (૪) જીભ (૬) મરજીવા (૮) ચરોતર (૧૧) તવિ (૧૨) તન (૧૪) ધનિક (૧૬) ખફ (૧૯) નાસીપાસ (૨૧) વખત (૨૩) સીનસીનરી (૨૫) નળીયા (૨૬) ફળ

ઊભી ચાવી :- (૧) લાલચ (૨) લબત (૩) રમ (૪) જીજીવિષા (૫) ભવા (૭) રત (૯) રોજનીસી (૧૦) રત (૧૩) નખ (૧૪) ધનાધન (૧૫) કપાસીયા (૧૭) પવન (૧૮) જાત (૨૦) સન (૨૨) ખરીફ (૨૪) સીતા

ભગવો લહેરાયો.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

જૂનાગઢમાં ભાજપનો કેસરીયો લહેરાતા સૌરાષ્ટ્રમાં ભાજપે વિજયની ઉજવણી કરી હતી અને વિજેતા ઉમેદવારોએ વિજય

સરઘસ કાઢતા ઠેર ઠેર ટ્રાફીકજામ થઈ ગયો હતો. ગત ચૂંટણીમાં ભાજપ પાસેથી શાસન ખુંચવી લેનાર કોંગ્રેસ દ્વારા ચલાવાયેલા ગેરવહીવટ અને પક્ષની આંતરીક યાદવાસ્થળીને કારણે આ વખતની ચૂંટણીમાં એવું લાગતું જ હતું કે જૂનાગઢની પ્રજા પરિવર્તન લાવશે. કોંગ્રેસ પુનરાવર્તનની વાત કરતી હતી જ્યારે ભાજપ પરિવર્તન કરવાના કોલ સાથે મેદાને પડ્યું હતું. આક્રમક ચૂંટણી પ્રચાર અને વ્યવસ્થિત વ્યૂહરચનાને કારણે ચૂંટણી પહેલા જ એવું દેખાતું હતું કે જૂનાગઢમાં કમળ ખીલશે. અને આજે સવારે જૂનાગઢની કૃષિ યુનિવર્સિટી ખાતે યોજાયેલી મત ગણતરીમાં તબક્કાવાર થયેલા રાઉન્ડમાં એક પછી એક વોર્ડમાં ભાજપનો વિજય વાવટો ફરક્યો હતો અને બપોરે ૧૨:૩૦ વાગ્યા સુધીમાં જાહેર થયેલા તમામ બેઠકોના પરિણામમાંથી ભાજપને ૪૧ બેઠકો મળી છે જ્યારે કોંગ્રેસને ૧૬ બેઠકોથી સંતોષ માનવો પડ્યો છે. બસપાના ખાતામાં બે બેઠકો ગઈ છે અને અનેક અપક્ષો વચ્ચે એક માત્ર અપક્ષ ઉમેદવાર વિજયી નિવડ્યો છે. ભાજપમાંથી ધુરંધરો સંજય ગોરડીયા, ગીરીશ કોટેચા, નિલેષ ધુલેશીયા સહિતના આગેવાનો જીતી ગયા છે જ્યારે કોંગ્રેસના અનેક આગેવાનો પરાજયનો સ્વાદ ચાખવો પડ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે કોંગ્રેસ છોડી ભાજપમાં ગયેલા મોટાભાગના આગેવાનો ચૂંટણી જંગ જીતી ગયા છે જ્યારે વોર્ડ નંબર ૬ સહિત એક-બે વોર્ડમાં કોંગ્રેસના ઉમેદવારોને ડિપોઝીટ ગુમાવવાનો પણ વારો આવ્યો છે. હજુ થોડા સમય પહેલા જ પૂર્વ ડેપ્યુટી મેયર ગીરીશ કોટેચા કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા હતા. એક બાજુ ભાજપની પ્રચાર કમાન વિજય રૂપાણીએ સંભાળી હતી તો બીજી બાજુ કોંગ્રેસની વ્યુહરચના પ્રદેશ અગ્રણી સિદ્ધાર્થ પટેલ અન સ્થાનિક ધારાસભ્ય જવાહર ચાવડાએ સંભાળી હતી. એક બાજુ લોકોની નિરસતા અને બીજી બાજુ ભાજપના માઈક્રો પ્લાનીંગને કારણે કેસરીયો લહેરાયો છે.

રાજ્યના ચૂંટણીપંચે ગોઠવેલી અભૂતપૂર્વ વ્યવસ્થાને કારણે છમકલાઓને બાદ કરતાં મતદાન શાંતિપૂર્ણ થયું હતું અને આજે સવારે ભાજપ અને કોંગ્રેસના હજારો કાર્યકરો વચ્ચે મત ગણતરી શરૂ થઈ હતી. મત ગણતરી સ્થળ ઉપર ઉમેદવારો અને એજન્ટોને દાખલ કરવા દેવામાં આવ્યા હતા જ્યારે કાર્યકરોને કૃષિ યુનિવર્સિટીની બહાર જ રાખવામાં આવ્યા હતા. પોલીસે મત ગણતરી સ્થળ ઉપર જડબેસલાક બંદોબસ્ત ગોઠવ્યો હતો. દરમિયાન જૂનાગઢ મહાનગરપાલિકામાં ભાજપને ૬૦માંથી ૪૧ હેઠકો મળ્યા બાદ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વીટ કરીને લોકોનો આભાર માન્યો હતો તેમજ પક્ષના કાર્યકરોને અભિનંદન પાઠવ્યા હતા. મોદીએ ટ્વીટમાં લખ્યું છે કે જૂનાગઢ કોર્પોરેશનની ચૂંટણીમાં ભાજપના ભવ્ય વિજયના સમાચાર સાંભળીને આનંદ થયો.

કૃષિ હેતુ માટે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવામાં આવી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. આ ઉપરાંત વર્ષ ૨૦૧૩-૧૪ દરમિયાન તડજોડ યોજના હેઠળ બેંકના સભાદોને વ્યાજ રાહત આપી કુલ ૧૨૦૮ ખાતેદારોએ લોન ચુકતે કરતા બેંકને ૧૫.૪૩ કરોડની વસુલાત થઈ હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. સી.સી. ધિરાણ અન્વયે ૮૦ ટકા વસુલાત થઈ છે. ચાલુ નાણાંકીય વર્ષમાં બેંકની થાપણોમાં વધારો થયો છે. નાણાંકીય વર્ષના અંતે બેંક નામે રૂ. ૨૨૦ કરોડનું ફીકસ ડીપોઝીટ ભંડોળ છે. જયારે ખાતેદારોના અકસ્માતે અવસાનના ૧૩ કિસ્સામાં રૂ. ૬,૦૮,૯૬૦ ની સહાય બેંક દ્વારા ચુકવવામાં આવી છે. બેંકની સામાન્ય સભામાં રાજયમંત્રી શંકરભાઈ ચૌધરી ધારાસભ્ય જશાભાઈ બારડ, સંસદસભ્ય દિપસિંહ રાઠોડ સહિત બોર્ડ ઓફ ડીરેકટર્સના ૪૦૦ જેટલા પ્રતિનિધિઓ ઉપલબ્ધ રહ્યા હતા. બેંકના ઈન્ચાર્જ મેનેજીંગ ડીરેકટર વી.એમ. ચૌધરી, વાઈસ ચેરમેન ગોવાભાઈ રબારી ઉપરાંત મોટી સંખ્યામાં વિવિધ શાખાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતાં.

વિધાનસભામાં ગાંધીનગર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તાંત્રિક દૃષ્ટિએ બે જોડી શકાય તેમ હોય તો પાણીની ઉપલબ્ધિને ધ્યાને લઈ જોડવાનું આયોજન છે.

મંત્રીશ્રીએ એમ પણ જણાવ્યું છે કે દહેગામ તાલુકામાં અંદાજે ૪૬૦ હેક્ટર, કલોલ તાલુકામાં ૩૮૦ હેક્ટર અને માણસા તાલુકામાં ૨૦૦ હેક્ટર સહિત કુલ ૧૪૦૦ હેક્ટર વિસ્તારને પ્રત્યક્ષ તેમજ પરોક્ષ સિંચાઈની સવલત ઉભી થઈ છે.

● મેટ્રો-રેલ પ્રોજેક્ટ

કોંગીના શ્રી મહમદ પીરઝાદાએ અમદાવાદ-ગાંધીનગર મેટ્રોરેલ પ્રોજેક્ટને લઈ પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું છે કે અમદાવાદ-ગાંધીનગર મેટ્રોરેલ પ્રોજેક્ટ ફેઝ-૧ નો ડીપીઆર કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અને રાજ્ય સરકારે મંજૂર કરી કેન્દ્ર સરકારની મંજૂરી માટે મોકલેલ છે. જે કેન્દ્રની મંજૂરી હેઠળ છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યુ છે કે તા. ૨૯-૧-૧૪ના પરિપત્રથી મેટ્રોરેલના રૂટમાં ફેરફાર કરી આખરી કરવામાં આવ્યો છે.

આ પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો ૨૦૧૮માં અને સમગ્ર પ્રોજેક્ટ ૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. તેમણે જણાવ્યુ છે કે એલાઈન્મેન્ટ અને પ્લાનીંગ, ડિઝાઈન ડાયાડ્રામવ્રોલ, અને રિટઈનીંગ વોલ, જમીન વિકાસ, સોફ્ટવેર ખર્ચ, મહેસુલી ખર્ચ, આઈ.ટી. હાર્ડવેર તથા કન્સલટન્સી પાછળ રૂ. ૫૬૫.૬૦ કરોડનો ખર્ચ અત્યાર સુધીમાં કરી દેવામાં આવ્યો છે.

● ઊંડા પાતાળ કુવા

ભાજપના શ્રી શંભુજી ઠાકોરે માણસા તાલુકામાં ઊંડા પાતાળકુવા પાણી પુરવઠા પ્રભાગ દ્વારા ૨૦૧૩-૧૪ માં બનાવાયા તે અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૧૧ ઊંડા પાતાળકુવા બનાવવામાં આવ્યા છે.

● ચોખ્ખી જમીન

કોંગીના ધારાસભ્ય ડૉ. તેજશ્રીબેન પટેલે ગાંધીનગર જિલ્લામાં એગ્રીકલ્ચર સેન્સસ મુજબ ખેતીની ચોખ્ખી જગ્યા અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લામાં ૧,૫૯,૪૦૧ હેક્ટર જમીન ખેતીની ચોખ્ખી જમીન છે.

જેમાં ગાંધીનગર તાલુકામાં ૪૪,૭૮૭ હેક્ટર, દહેગામમાં ૪૯,૨૧૭ હેક્ટર, માણસામાં ૨૮,૭૫૬ હેક્ટર અને કલોલ તાલુકામાં ૩૬,૬૪૧ હેક્ટર જમીન આવેલી છે.

● પશુસારવાર કેન્દ્રો અને દવાખાના

કોંગીના શ્રી અમીત ચૌધરીએ ગાંધીનગર જિલ્લામાં આવેલ પશુસારવાર કેન્દ્રો અને દવાખાના અંગે પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં પશુપાલન મંત્રીશ્રીએ જણાવ્યું છે કે જિલ્લામાં ૨૩ પશુ દવાખાનાઓ અને ૧૩ પશુ સારવાર કેન્દ્રો આવેલા છે. જેમાં દહેગામ તાલુકામાં ૬ પશુદવાખાના અને ૪ પશુ સારવાર કેન્દ્રો છે, કલોલ તાલુકમાં ૬ પશુ દવાખાના અને ૨ સારવાર કેન્દ્રો છે, માણસા તાલુકામાં ૬ પશુ દવાખાના અને ૩ પશુ સારવાર કેન્દ્રો છે અને ગાંધીનગરમાં ૫ પશુ દવાખાના અને ૪ પશુ સારવાર કેન્દ્રો છે.

યશગાથા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. આમાં મેમરી પાવરની ટેકનીકલ અને પપ્પાનો નિરંતર સપોર્ટ જ સફળતાનાં અંજામે પહોંચાડી શક્યાં છે, એવું એનું માનવું છે. ધવલના મમ્મી સીમા શાળામાં શિક્ષિકા છે. જ્યારે મોટી બહેન નિસી પણ આ મેમરી પાવરના પ્રયોગો જાત પર કરી દર વર્ષે ફર્સ્ટ ક્લાસ સાથે મેડિકલનાં ફાયનલ ઈયરમાં પહોંચી ગઈ છે.

અભ્યાસની સાથોસાથ સમાજના જરૂરીયાત વર્ગો જેવાં કે મુખ્યત્વે પોલીસ, શિક્ષક અને વિદ્યાર્થીઓને પણ આનો લાભ મળે એ માટે એ આવાં સેમિનાર યોજે છે. ધવલ ટ્રેસ, ટાઈમ, ગોલ મેનેજમેન્ટ સાથે મેમરી પાવરની ટીપ્સ દરેક સેમિનારમાં આપે છે. સ્વિરીચ્યુઅલ ઓડિયો ટ્રેડ્સ સાથે ગીત-સંગીતનાં મધુરાં માધ્યમથી એ ટ્રેસને ભગાડી કામ પ્રત્યે રૂચી વધે એવું ઉમદા કાર્ય કરે છે. સર્વ શિક્ષા અભિયાનનાં ઉષ્માબેન પટેલનાં પ્રયત્નથી ગાંધીનગર જિલ્લાના શિક્ષકોને આનો લાભ મળ્યો છે. સમાજ દરેક ક્ષેત્રના લાભાર્થી આનાં અનુભવનો લાભ મેળવે એવી ધવલની ઈચ્છા છે. ધવલ પટેલ મેડિકલમાં ઝળહળતી સફલતા મેળવી બાહોશ ડૉક્ટર બને અને સાથે મેમરી પાવરનાં સેમિનારથી સમાજની બેવડી સેવાનું સૌજન્ય દાખવે એ માટે ૧૭ વર્ષના સોલ્જરને અનેક શુભેચ્છાઓ.

તાકિદે નિર્ણય કરાશે.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉકેલની દિશામાં આગળ વધવાની હૈયાધારણ આપી છે તે ઉલ્લેખનીય છે.

દરમ્યાન આજે પંચાયત વિભાગ પરની માંગણીઓ પરની ચર્ચામાં ભાગ લેતાં શ્રી અમીત ચૌધરીએ ગોઝારિયા તાલુકાની રચના રદ કરવાના નિર્ણયની યાદ અપાવતાં જણાવ્યું હતું કે અગાઉ તાલુકા વિભાજનો થયા હતા અને અમલી પણ બની ગયા. આ સરકારે જાહેરાતો કરી પરંતુ હજુ કંઈ નક્કર થયુ નથી.

શ્રી ચૌધરીએ કલોલ તાલુકાના ૧૭ ગામોને માણસા તાલુકામાં સમાવવા અંગેની માંગણી દોહરાવતા જણાવ્યું હતું કે સરકાર સમક્ષ આ અમારી સ્પષ્ટ માંગ છે. તેમણે જણાવ્યુ હતુ કે માણસા તાલુકામાં નવી રચાયેલ પંચાયતોને આર્થિક સહાય આપવી જોઈએ જેથી પાણી વિતરણ જેવી મહત્વની કામગીરી પણ પંચાયતો સરળતાથી બજાવી શકે. આ પંચાયતો હાલ આર્થિક સંકટ અનુભવી રહી છે.

તેમણે માઈનોર કેનાલ દ્વારા ભાજપે ચૂંટણીમાં અપાયેલા વચનને યાદ કરાવતાં કહ્યું હતું કે પાણી આપો હવે વાયદાનો સમય નથી રહ્યો. ગતિશીલ ગુજરાત પાણી ઝંખે છે. તેમણે વડાસણ તળાવને ભરવાની માંગ કરતાં જણાવ્યું છે કે આનાથી ૩૧ ગામોને ફાયદો થાય તેમ છે. સરકાર સકારાત્મક રીતે વિચારે તે જરૂરી છે.

શ્રી મહેન્દ્રસિંહ વાઘેલાએ ચર્ચામાં ભાગ લેતા જણાવ્યું હતુ કે પંચાયતી રાજ વ્યવસ્થાને ખોરવવાનું કામ સરકાર કરી રહી છે. તેમણે પંચાયતી રાજની સ્વાયત્તતાનું ગળુ ઘોંટવામાં આવી રહ્યાનું પણ કહ્યું હતું.

કોંગીના ધારાસભ્ય શ્રી મહેન્દ્રસિંહ વાઘેલાએ પંચાયતી રાજમાં સરકારી હસ્તક્ષેપને ટાળવાની માંગણી કરી પંચાયત પ્રમુખોને સત્તા સોંપણી કરવામાં આવે તેમજ પંચાયત પ્રમુખશ્રીઓના હસ્તક માટે વિકાસની ખાસ ગ્રાન્ટ ફાળવવી જોઈએ.

ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.

આથી વહીવટી સંચાલક ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.ની કચેરી દ્વારા નીચે જણાવેલ કામો માટે સેલ્સટેક્ષ રજીસ્ટ્રેશન ધરાવનાર તથા પોતાની સંસ્થાનું ગુમાસ્તા ધારાનું રજીસ્ટ્રેશન કરાવેલ હોય તેવી રસ ધરાવનાર અનુભવી એજન્સીઓ પાસેથી નિયત ભાવપત્રકમાં ભાવો મંગાવવામાં આવે છે. ભાવપત્રક અત્રેની કચેરીમાં રૂ. ૨૦૦/- (નોન રીફન્ડેબલ) ભરેથી તા. ૨૮/૭/૧૪ (૧૮:૦૦ કલાક) સુધી આપવામાં આવશે. ભરેલ ભાવપત્રકો તા. ૫/૮/૧૪ સુધી રજી.પો.એ.ડી.થી